છોટાઉદેપુર જિલ્લા સેવાસદન ખાતે કલેક્ટર અને ચૂંટણી અધિકારીને ગ્રામજનોએ આવેદન સુપરત કર્યું

## કાવરા ગામે 73AAની એન્ટ્રી બાબતે અવગણના થતાં ચૂંટણીનો બહિષ્કાર

ગ્રામજનો દ્વારા અગાઉ અનેક વાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રની ઊંઘ ઊડતી નથી

(પ્રતિનિધી) કવાંટ, તા.૨૨
હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણી તા, 28ના રોજ યોજાનાર છે. ત્યારે કવાંટ તાલુકાના કાવરા ના ગ્રામજનોએ રૂઢિગત ગ્રામસભામાં ચૂંટણી બહિષ્કારનું એલાન કરાયું હતું. જિલ્લાના 24 જેટલા LRD યુવાનો 2018ની ભરતી પ્રક્રિયા તમામ સ્તરે પાર પડ્યા બાદ અને સરકાર દ્વારા રચાયેલી વિશ્લેષણ સમિતિએ તમામ પ્રમાણપત્રો ચકાશી લીધા હોવા છતાં પણ આ યુવાનોને નિમણુંક પત્ર આપવામાં સરકાર દ્વારા વિલંબ કરવામાં આવી રહ્યો છે.

તેમજ કાવરા ગામે 73એએની એન્ટ્રી બાબતે તંત્ર દ્વારા સતત અવગણના થતી હોવાના કારણે કાવરા ગામના ગ્રામજનો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેનાર નથી . તેમને વધુમાં જણાવ્યું હતું કે આદિવાસી સમાજના બાળકોને ભણવાનો અધિકાર તો મળ્યો પરંતુ સરકાર ની બેવડી નીતિના કારણે યુવાનોનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે. આ અગાઉ અનેક વાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રની ઊંઘ ઊડતી નથી. જેથી તા. 21-2-2021ના રોજ કાવરા ખાતે રૂઢિગત ગ્રામ સભામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રક્રિયામાં ભાગ નહિ લેવાનો નિર્ણય લેવાયો હતો. આજરોજ ગ્રામજનોએ આવેદન આપી આ નિર્ણયની જાણ છોટાઉદેપુર કલેક્ટર અને ચૂંટણી અધિકારીને કરવામાં આવી હતી.


છોટાઉદેપુરમાં ગ્રામજનોએ કલેક્ટર અને ચૂંટણી અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. તસવીર-ધર્મેશ ચૌહાણ

## છોટાઉદેપુરમાં કર્મચારી અને શ્રમયોગીઓને મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૨
આગામી તા. ૨૮મી, ફેબ્રુઆરીના રોજ છોટાઉદેપુર જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીનું રવિવારે જાહેર રજાના દિવસે મતદાન યોજાશે. આ દિવસે જે તે વિસ્તારમાં કારખાના ધારા-૧૯૪૮ હેઠળ નોંધાયેલા (ઔદ્યોગિક એકમો) કારખાનામાં કામ કરતા શ્રમયોગી તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ્ એકટ-૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થા/સાઈટના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે.

રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં. રજાના કારણે જો શ્રમયોગી/કર્મચારીઓના પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યક્તિ રજા જાહેર ન થઈ હોય અને જે પગાર મળવાપાત્ર થતો હોય તેટલો પગાર ચુકવવાનો રહેશે. જો કોઈ જોગવાઈથી વિરૂદ્ધનું વર્તન કરશે તો શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરાશે.

## ડભોઇ રેલવે ક્રોસિંગ પાસે ટ્રાફિકમાં વધારો થતા ઓવરબ્રિજ બનાવવા માગણી



ડભોઇ રેલવે ક્રોસિંગ પાસે આવેલ સરિતા ચોકડી પાસે ટ્રેનની આવન જાવન થી ટ્રાફિકમાં વધારો થતા લોકોને તકલીફનો સામનો કરવો પડે છે. જો ડભોઇ રેલવે ક્રોસિંગ પાસે ઓવરબ્રિજ બને તો આ સમસ્યા હલ થય જાય. આ અંગે સામાજિક કાર્યકર ફારૂકભાઈ સોનીએ રેલવે મંત્રાલયને આ સમસ્યા અંગે મેઇલ કરીને જાણ કરી છે.

## બોડેલી અલીપુરા અને ઢોકલીયા ગામોમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ


જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી બોડેલી, અલીપુરા અને ઢોકલીયા સહિત આસપાસના ગામોમાં કોઈ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે બોડેલીના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.એસ.સરવૈયા તેમજ સ્ટાફના પોલીસ કર્મીઓ તેમજ હોમગાર્ડના જવાનો સાથે બોડેલી અલીપુરા અને ઢોકલીયા સહિતના આસપાસના ગામોમાં ફૂટ પેટ્રોલિંગ કરી ફ્લેગ માર્ચ કરી હતી. તસવીર- સલમાન મેમણ

## છોટાઉદેપુર પાલિકામાં વિકાસના કામો માટે સભા બોલાવવા માંગ

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૨
છોટાઉદેપુર નગરપાલિકા અધિનિયમની કલમ 51 (2) મુજબ સભા બોલાવવા નગર પાલિકાના 25 સભ્યોએ પ્રમુખ અને ચીફ ઓફિસરને એક પત્ર લખી માંગ કરી છે. આપેલ પત્રમાં જણાવ્યું છે કે નગરના વિકાસના કામો માટે અને વહીવટી કામગીરી ચલાવવા માટે નગરપાલિકા અધિનિયમની કલમ 51 મુજબ જાન્યુઆરી એપ્રિલ જુલાઈ અને ઓક્ટોબર મહિનાઓમાં રાબેતા મુજબની સામાન્ય સભા બેઠકો બોલવાની રહે છે. જે અન્વયે વિકાસના કામો જેવાકે આગામી ઉનાળામાં નગરને પાણીની સમસ્યા ન પડે હાફેશ્વરનું પાણી લાવવા. 1 થી 7 વોર્ડમાં પાણીની સમસ્યા અને નવા બોર કરાવવા, નગરમાં આવેલ બગીચાઓમાં બેઠક વ્યવસ્થા કરવા જેવા 8 મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવા અર્થે 25 સભ્યોએ નિયમો અનુસાર સભા બોલાવવા પ્રમુખ અને ચીફ ઓફિસરને આપેલ પત્રમાં માંગ કરી છે.

કોરોનાને કારણે શૈક્ષણિક કાર્ય ઓછુ થયું હોવાથી પરિણામ સુધારવા મનોમંથન

## SSCના પરિણામ સુધારવા માટે છોટાઉદેપુરના શિક્ષકોનો સેમિનાર

ગણિત અને વિજ્ઞાનના વિષયો પર પણ ભાર મુકવામાં આવ્યો હતો

(પ્રતિનિધી) બોડેલી, તા.૨૨
છોટાઉદેપુર જિલ્લાના અંગ્રેજીના શિક્ષકોનો એસ.એસ.સી.નું પરિણામ સુધારવા બાબતે બોડેલી ખત્રી વિદ્યાલયમાં એક દિવસીય રીવ્યુ બેઠકનો સેમીનાર યોજવામાં આવ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ પવાર દ્વારા અગાઉના વર્ષોમાં એસ.એસ.સી.નું પરિણામ ખૂબ જ નબળું આવ્યું હોય તેમજ આ વર્ષે કોરોનાના કારણે શિક્ષણકાર્ય ઓછું થયું હોય, ત્યારે શિક્ષણનું સ્તર સુધારવા માટે તેમજ આવનાર એસ.એસ.સી.ની પરીક્ષામાં મહત્વના વિષય ગણાતા હોય એવા ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય ઉપર વધુ ભાર મૂકી એક એક દિવસનો રીવ્યુ બેઠક સેમિનાર યોજવામાં આવ્યો હતો.

સોમવારે બોડેલી ખાતે ખત્રી વિદ્યાલયમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તેમજ ખત્રી વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ધોરણ ૧૦ માં અંગ્રેજી ભણાવતા ૮૬ જેટલા વિષય શિક્ષકોને એક દિવસના રીવ્યુ બેઠક નુ આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે ગણિત વિજ્ઞાન અંગ્રેજી નું જે પરિણામ હોય તેજ કેન્દ્રનું પરિણામ આવતું હોય છે આ વિષયો વિદ્યાર્થીઓને થોડા અઘરા લાગતા હોય છે ત્યારે આ વિષયોને સરળતાથી કેવી રીતે ભણાવી શકાય, તેમજ વિદ્યાર્થીઓને વધુ ને વધુ કેવી રીતે પાસ કરી એસ.એસ.સી.નું પરિણામ ઊંચું લાવી શકાય? તેની વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી.


શિક્ષકો દ્વારા એસ.એસ.સીમાં અંગ્રેજીનું પરિણામ સુધારવા વિવિધ સુચનો કરવામાં આવ્યાં હતાં. તસવીર -સલમાન મેમણ

મતદાનના વિસ્તારમાં ફોનના ઉપયોગ પર પ્રતિબંધ

## ૨ માર્ચે દશરથની એમ.પી. સ્કૂલમાં મતગણતરી કરાશે

જિલ્લા-તાલુકામાં કાયદો વ્યવસ્થાની પરસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર પ્રતિબંધો મૂકવામાં આવ્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.૨૨
વડોદરા જિલ્લા-તાલુકા સામાન્ય ચૂંટણી-૨૦૨૧નો કાર્યક્રમ જાહેર કરવામાં આવતા તા.૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ મતદાન અને તા.૨ માર્ચ-૨૦૨૧ના રોજ મતગણતરી કરવામાં આવશે. દશરથ ગામ વડોદરા સ્થિત એમ.પી. સ્કુલ ખાતે મતગણતરી થશે.

વડોદરા શહેર પોલીસ કમિશનરે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)૩ અન્વયે હુકમ બહાર પાડ્યો છે. હુકમ તા.૨ માર્ચ-૨૦૨૧થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલી રહેશે. એમ.પી. સ્કુલ બિલ્ડીંગના કમ્પાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની વિસ્તારના ઘેરાવમાં તા.૨ માર્ચ-૨૦૨૧ના રોજ સવારે ૭ વાગ્યાથી પ્રતિબંધિત વિસ્તાર રહેશે. મતગણતરી સમયે સુલેહ શાંતિ જળવાઈ રહે, ચૂંટણી પ્રક્રિયા ન્યાયી, મુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બને નહિ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની પરસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર પ્રતિબંધો મૂકવામાં આવ્યો છે.

મતગણતરી શરૂ થાય તે સમયથી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મતગણતરી બિલ્ડીંગના કમ્પાઉન્ડની દિવાલની આજુબાજુમાં ૨૦૦ મીટર ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોનના ઉપયોગ પર પ્રતિબંધ છે. તેમજ તે લઈને હરવા ફરવા કે સાથે લઈને પ્રવેશ કરવા પર પ્રતિબંધ છે.

હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ઠરશે.

કાર્યક્રમમાં સમાજનો સમૂહ લગ્ન યોજવાની પણ જાહેરાત કરાઈ

## ડભોઈ ખાતે સત્તરગામ પ્રગતિ મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

સમાજ ઉપયોગી અન્ય કાર્યો કરવાની પણ જાહેરાત થઈ

(પ્રતિનિધી) ડભોઈ, તા.૨૨
સત્તરગામ પ્રગતિ મંડળ ડભોઈ દ્વારા આજરોજ શૈક્ષણિક સંમેલન તેમજ તેજસ્વી તારલા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ રાવજીભાઈ પટેલ,ઉપપ્રમુખ મુકેશભાઈ પટેલ, મંત્રી વાસુદેવભાઈ પટેલ, સહમંત્રી જીગ્નેશભાઈ પટેલ, ઓડિટર ચેતનભાઈ પટેલ અને ખજાનચી વલ્લભભાઈ પટેલ સાથે મુખ્ય મહેમાન તરીકે અંકુરભાઈ પટેલ હાજર રહ્યા હતા. સત્તરગામ પટેલ સમાજ દ્વારા સમાજના ઉત્કર્ષ માટે સમયને અનુરૂપ નીતિ નિયમો ઘડી સમાજનું સંચાલન કર્યું છે. અવારનવાર સમાજ ના લોકો માટે સ્વાસ્થ્યલક્ષી કાર્યક્રમો,હૃદય નિદાનના કેમ્પ, આયોજન સત્તરગામ પટેલ સમાજ કરતા આવ્યા છે. ઉપરાંત સમયની અનુકૂળતાએ સમૂહ લગ્નનું આયોજન કરવા સહિત ભવિષ્યના અનેક કાર્યક્રમો જાહેર કરાયાં હતાં.


વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમમાં મહાનુભાવોની હાજરી. તસવીર -દીપક જોષી

છોટાઉદેપુર પોલીસ અધિક્ષક દ્વારા આયોજન કરાયુ

## ૩૮૫ જેટલી છાત્રાઓને કરાટેની તાલીમ અપાઈ



પોલીસ મથકની મુલાકાત કરાવી કાનૂન વિષેની જાણકારી આપવામાં આવી

(પ્રતિનિધી) બોડેલી, તા.૨૨
છોટાઉદેપુર પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્માના આદેશથી છોટાઉદેપુર ડી.વાય.એસ.પી. ચાવડાના માર્ગદર્શન હેઠળ જાસ્મિન ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા દ્વારા સંચાલિત જે.ટી.એ. સ્પોર્ટ્સ એન્ડ સેલ્ફ ડીફેન્સ એકેડમી દ્વારા સંખેડા તાલુકાની ૩૮૫ જેટલી મહીલા વિદ્યાર્થીનીઓને કરાટે - સવબચાવની તાલીમ સંસ્થાના કોચ સદિક એ.ખત્રી દ્વારા આપવામા આવી હતી. સાથે જ પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવી કાનૂન વિષેની જાણકારી આપવામા આવી હતી. વિદ્યાર્થીઓઓના પ્રોત્સાહન માટે પોલીશ સ્ટેશનના સબ ઈન્સપેકટર એમ.એસ.સુથરીયા અને સંસ્થાના સિનિયર કોચ જાબીરહુસેન મલેક દ્વારા શુભેચ્છા પાઠવામા આવી હતી.

ચૂંટાયેલા ૨૫ સભ્યોની દરખાસ્ત હાલ કોર્ટમાં પેન્ડિંગ છે

## છોટાઉદેપુર પાલિકા પ્રમુખે રાજીનામુ આપવું જોઈએ

છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૨
છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખ નરેનભાઈ જયસવાલ સામે પાલિકા બોર્ડના ચૂંટાયેલા 25 સભ્યોએ અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરી છે જે કોર્ટમાં હાલ પેન્ડિંગ છે. 5 દિવસ અગાઉ પાલિકાના 25 સભ્યોએ પાલિકા પ્રમુખને શરમજનક વર્તણુક બદલ કલમ 37 હેઠળ હોદ્દા ઉપરથી દૂર કરવા મ્યુનિસિપાલીટી એડમિનિસ્ટ્રેશન ગાંધીનગર કચેરીમાં લેખિત માંગ કરી હતી. હાલમાં નગરમાં પાલિકા પ્રમુખ અંગેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. હાલમાં પાલિકાના કથળેલા વહીવટના કારણે ચીફ ઓફિસર ઉપર પણ અમોને વિશ્વાસ રહ્યો નથી તેમ પાલિકાના સભ્યો જણાવી રહ્યા છે. આ સંદર્ભે નગરપાલિકા ઉપ પ્રમુખ ઝાકિરભાઈ દડીએ ફોન ઉપર જણાવ્યું હતું કે છોટાઉદેપુર નગરના વિકાસ અને સમસ્યાઓને ધ્યાનમાં રાખીને પાલિકા પ્રમુખે પ્રમુખ પદેથી સ્વૈચ્છીક રાજીનામુ આપી દેવું જોઈએ. અમોએ હાલ માં 25 સભ્યોની સંમતિ સાથે પ્રમુખ સામે અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરી છે. અને મ્યુનિસિપાલીટી એડમિનિસ્ટ્રેશન કચેરીમાં પ્રમુખને હોદ્દા પરથી દૂર કરવા માંગ કરી છે. કુલ 28 સભ્યોમાંથી 25 સભ્યોની બહુમતી અમારી સાથે છે.


કુલ 28 સભ્યોમાંથી 25 સભ્યોએ પ્રમુખ પર અવિશ્વાસ જાહેર કર્યો હોવાથી મામલો કોર્ટમાં ગયો છે.

છોટાઉદેપુર જિલ્લામાં ચૂંટણીને અનુલક્ષીને પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પડાયું

## મતદાન મથકના ૨૦૦મી.માં મંડપ નહીં બંધાય

હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી હેઠળ સજાને પાત્ર થશે

(પ્રતિનિધી) છોટાઉદેપુર , તા.૨૨
તા. ૨૮/૦૨/૨૦૨૧ના રોજ તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણીનું મતદાન તથા તા. ૦૨/૦૩/૨૦૨૧ના રોજ મતગણતરી યોજાશે અને તા. ૦૫/૦૩/૨૦૨૧ના રોજ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. છોટાઉદેપુર જિલ્લામાં ચૂંટણીના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણી કાર્યક્રમ દરમિયાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું છોટાઉદેપુર જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.એસ.વસાવા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર ચૂંટણીપંચની પ્રવર્તમાન સુચનાઓ મુજબ, ચૂંટણી અધિકારી કે અન્ય સક્ષમ અધિકારી પાસે નોંધાવ્યા સિવાયના કે માન્ય પરમીટ અને પરવાનગી સિવાયના વાહનો ચૂંટણી કામે વાપરી શકાશેનહીં. ચૂંટણી પ્રચાર દરમિયાન ત્રણ કરતા વધારે વાહનો એકી સાથે ચલાવી શકાશે નહીં. ચૂંટણી મતદાનના દિવસે મતદારોને તેમના ઘર-સ્થળથી વાહનમાં ભરી, મતદાન મથક સુધી લાવવા કે લઈ જવા વાહનનો ઉપયોગ કરી શકાશે નહીં. મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરી શકાશે નહીં કે ચૂંટણી ચિહ્નદર્શાવી શકાશે નહીં. મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં બિન અધિકૃત કાપલીઓ લઈ જઈ શકાશે નહીં. મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયામાં વાહનોની અવર જવર કરી શકાશે નહીં. મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં હરિફ ઉમેદવારો/તેમના એજન્ટો/તેમના કાર્યકરોના ટેબલ ખુરશી ચૂંટણી નિયમોથી વિરૂદ્ધ મુકી શકાશે નહીં. મતદાન મથકની ૨૦૦ મીટરના અંતર સુધીમાં કોઈ પણ મંડપ બાંધવો નહીં અને એક જ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે. તડકા/વરસાદથી રક્ષણ માટે છત્રી રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહીં. નિયમોથી ઠરાવેલ સંખ્યા કરતા વધુ વાહનો ચૂંટણીમાં વાપરી શકાશે નહીં. ચૂંટણી પ્રચારમાં સક્ષમ અધિકારી પાસેથી મેળવવામાં આવેલ પરમીટ અને રજીસ્ટ્રેશન સિવાયના વાહનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કરી શકાશે નહીં.

આ હુકમ સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં તા. ૦૫/૦૩/૨૦૨૧ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જણાવાયુ છે.

## કવાંટ પોલીસે ભેરેથા ગામેથી રૂ.2.20 લાખનો દારુ પકડ્યો

(પ્રતિનિધી) કવાંટ તા.૨૨
ક્વાંટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી જીલ્લા-તાલુકા પંચાયતોની ચુંટણી અનુસંધાને કવાંટ પોલીસ સ્ટાફના માણસો કવાંટ ટાઉન ડોન બોસ્કો ચોકડી ઉપર વોચ નાકાબંધી કરી વાહન ચેકીંગ કરતા હતા તે વખતે પો.સ.ઇ. સી.કે.નીનામા નાઓને અગંત બાતમીદાર થકી બાતમી હકીકત મળેલ કે એક લીલા જેવા કલરના આઇસર ટેમ્પા નંબરનો ચાલક પોતાના આઇસર ટેમ્પામાં ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ-



બીયરનો જથ્થો ભરી છકતલા, નવાલજા, ધનીવાડી તરફ આવી રહેલ છે જે બાતમી આધારે ભેરેથા ગામના રોડ ઉપરથી બાતમી હકિકત વાળો આઈસર ટેમ્પો તેણે પોલીસની ગાડી જોઈ નાશવા લાગતા ઝાડ સાથે અથડાયો હતો. પોલીસે જેમાંથી ઇંગ્લીશ દારૂ અને બીયર મળી ૨,૨૦,૮૦૦/- તથા આઇસર ટેમ્પા સહિત કુલ રૂ. ૫,૨૧,૩૦૦/-નો મુદામાલ સાથે અતુલભાઇ ભુસાભાઇ ચૌહાણ ઉવ. ૨૪ રહે. કાનપુર હરીજન વાસ તા.સાયલા જીલ્લો સુરેન્દ્રનગરને ઝડપી પાડવામાં આવ્યો હતો. જયારે દલસુખભાઇ મનજીભાઇ માથાસુરીયા રહે.ચોરવીરા (થાન) તા.સાયલા જી.સુરેંદ્રનગર , સુનિલ મિશ્રા રહે. ચાંદપુર તા.કઠીવાડા જી.અલીરાજપુર (MP) ભાગવામાં સફળ રહ્યો હતો.